દર મહિનાની ૧૫મી તારીખે પ્રસિદ્ધ થતું માસિક

# ભટ્ટમેવાડા વર્તમાન

વેબસાઈટ : www.Bhattmewada.org

તંત્રી : અશોકકુમાર કૃષ્ણલાલ મહેતા

Gandhinagar

RNI NO. GUJGUJ/2008/28227
Post;L-2/RNP/G-GNR-266/09-11
Sector-07 Post, Gandhinagar
Valid Up to : 31 Dec. 2011
Rs. 5-00, Annual : Rs. 50-00

વર્ષ : ૨ | અંક : ૬ | તા. ૧૫-૦૪-૧૦ | પાના : ૧૨ | છૂટક કિંમત - રૂા. ૫/- | વાર્ષિક લવાજમ - રૂા. ૫૦/-

રજિ. કાર્યાલય : 'સુકૃતિ', પ્લોટ નં. ૬૮/૧, સેક્ટર-૩/એ (ન્યુ), ગાંધીનગર-૩૮૨ ૦૦૬ (ગુજરાત) મો. 98244 59694

# ચાલો સમાજની કરવટ બદલીએ...
# ભટ્ટ મેવાડાનું આત્મસન્માન, આત્મગૌરવ વધારીએ

આપ સૌ જાણો છો તેમ ભટ્ટ મેવાડાનો ઈતિહાસ ખૂબ જ ગૌરવપૂર્ણ, સન્માનપૂર્ણ અને વફાદારીપૂર્ણ રહેલો છે. રાજસ્થાન-મેવાડમાં આપણે સુભટ્ટ તરીકે ઓળખાતા હતા અને રાજાના અંગરક્ષકો તરીકે કામ કરતા એટલે કે રાજાના સૌથી વિશ્વાસુ માણસોમાં સુભટ આવતા હતા. મહારાણા પ્રતાપે મેવાડ છોડવું પડ્યું એની સાથે આપણે મેવાડ છોડીને દેશના જુદા જુદા ભાગોમાં ખાસ કરીને ગુજરાતમાં સ્થાયી થયા. શ્રી ઈષ્ટદેવ શ્રી એકલિંગજી દાદા સાક્ષાત છે તેનો પુરાવો પૂજ્ય બાપા રાવલ છે.

મૂળ બ્રાહ્મણ એટલે કે, આપણું કામ ભણવું, ભણાવવું, યજમાનવૃત્તિ અને નોકરી. સમય જતાં તેમાં પણ બદલાવ થતો રહ્યો અને હવે યજમાનવૃત્તિ અને ભણવું-ભણાવવાની પ્રવૃત્તિ ઓછી થતી ગઈ છે અને બદલાતા સમયની સાથે હવે સરકારી નોકરીની તકોમાં સારો એવો ઘટાડો થયો છે. સમાજમાં બેકારીનું પ્રમાણ પણ ચિંતાજનક સ્થિતિએ છે. આ સંજોગોમાં કલિયુગમાં સંઘે શક્તિ કલિયુગે - કળિયુગમાં સંગઠન એ જ શક્તિ છે એ રીતે સંગઠન વધુ મજબૂત, અસરકારક હશે તો તે સમાજ ઉપયોગી અને સમાજના ઉત્થાનમાં મહત્ત્વની ભૂમિકા ભજવાનારૂં બની રહેશે. અન્ય અગાઉના ઉપેક્ષિત સમાજો તરફ નજર કરીશું તો હવે આપણે પાછળ જઈ રહ્યાની અનુભૂતિ દરેકને થતી હશે જ. અન્ય સમાજોએ સામાજિક રીત-રિવાજો, સમાજના જરૂરિયાતમંદ પરિવારોને મદદરૂપ થવાની સાથોસાથ એકતા એવી મજબૂત બનાવી છે કે તે ઉડીને આંખે વળગે તેવી રહી છે.

ઉપરની પશ્ચાદભૂમિકા માં હવે આપણે આ દિશામાં વિચારવાની, આત્મમંથન કરવાની જરૂર છે અને તે ક્યારે અને કેવી રીતે થઈ શકે તે સમાજના આગેવાનોએ, સમાજના બુદ્ધિજીવીઓએ વિચારવાનો હવે સમય પાકી ગયો છે અને જો તેમ કરવામાં હવે જો ચૂક થશે તો આવનારી પેઢી શું કરશે તેની કલ્પના કરવી મુશ્કેલ છે.

સમાજે કેટલાક તાત્કાલિક રીતે કરવા જેવા કાર્યો જે જણાયાં છે તે અંહી આપ્યા છે. આશા છે કે સમાજ આ અંગે વિચારશે અને ભટ્ટ મેવાડા વર્તમાન માસિકના માધ્યમથી તેનાં સૂચનો આપશે અને તે રીતે આગળની દિશા અને દશા નક્કી થશે.

**૧. સમૂહલગ્નો યોજના**

સમૂહ લગ્નો એ આપણા સમાજ માટે ખૂબ જ તાતી જરૂરિયાત છે. સમૂહ લગ્નો અંગેની માન્યતા પણ બદલવાની જરૂર છે કે જેને પોષાતું નથી કે આર્થિક રીતે પહોંચી વળી શકે તેમ નથી તેવાઓ માટે જ સમૂહલગ્નો છે. આ ખ્યાલ બરાબર જણાતો નથી. આપણો સમાજ મુખ્યત્વે નોકરીયાતોનો છે. ધંધા-રોજગારવાળાની સંખ્યા મર્યાદિત છે. એટલે કે સમાજ બાંધી આવકવાળો કહી શકાય. દેખાદેખીથી, સમાજના અન્ય લોકો શું કહેશે, શું સમજશે તેવા ખ્યાલથી સમૂહ લગ્નો આપણા સમાજમાં હજી સુધી સફળ થતા નથી. સમૂહ જનોઈ કેટલેક અંશે સફળ થઈ છે તે સારી વાત છે.

સમૂહલગ્નો સામાન્ય પરિવારો માટે આશીર્વાદરૂપ છે. આમ કરવાથી સમાજનું આર્થિક ધોવાણ પણ અટકે છે. જો સમાજોએ સમૂહલગ્નો અપનાવ્યા છે તે સમાજનો આર્થિક વિકાસ અને જીવન ધોરણમાં સ્પષ્ટ સુધારો જોવા મળે છે. આથી સમગ્ર સમાજના હિતમાં પણ સમૂલગ્નો અપનાવવા જોઈએ. સક્ષમ પરિવારોએ સમાજમાં દાખલો બેસાડવા માટે સમૂહલગ્નોમાં જોડાવું જોઈએ. સમૂહલગ્નો અમદાવાદ, હિંમતનગર વગેરે સ્થળોએ યોજાય છે પરંતુ તેને બહોળો પ્રતિસાદ સાંપડતો નથી.

શું સમાજનો સાધનસંપન્ન વર્ગ સમૂહ લગ્નોમાં જોડાઈ દાખલો બેસાડીને આર્થિક રીતે નબળા જ્ઞાતિજનોને પ્રોત્સાહન ન આપી શકે ?

**૨. બેરોજગારો માટે રોજગારીની તકો અંગે વિચારણા**

આપ સૌ જાણો છો તેમ સમાજમાં કેળવણી અને શિક્ષણનો વ્યાપ ઘણો છે અને તેને લઈને બેકારીની સમસ્યા પણ વધી છે. આપણો સમાજ મોટેભાગે નોકરીયાત વર્ગનો છે. સરકારી નીતિઓને લઈને સરકારી નોકરીમાં તકો ઘટી છે. ભણેલા છોકરાઓ મજૂરીના કામથી દૂર ભાગે છે. આથી સમાજે યોગ્યતા પ્રમાણે નોકરી મળે તે દિશામાં પ્રયત્નો કરવા જોઈએ. બેકારીની સમસ્યાને ગંભીર ગણી સુખી સંપન્ન લોકોએ સમાજના બેકાર યુવાધનને રોજગારી આપવી જોઈએ.

શ્રી ગાંધીનગર ભટ્ટમેવાડા સમાજે આ દિશામાં થોડી કામગીરી શરૂ કરી છે. નોકરી માટેની ખાલી જગ્યાઓ માટે એસએમએસ અથવા ભટ્ટ મેવાડા વર્તમાનમાં આ અંગેની (અનુ. પાન નં. ૯ પર)

## તંત્રી સ્થાનેથી....

બે-પાંચ માસ પૂર્વ એક પિતરાઈને ત્યાં લગ્ન પ્રસંગે એક સ્નેહીએ એક જ્ઞાતિ બંધુ સાથે પરિચય કરાવ્યો. તેમણે જણાવ્યું કે 'ભટ્ટ મેવાડા વર્તમાન' નિયમિત મળે છે અને વાંચું છું. તંત્રી પેઈજ ઉપર આવતા સુભાષિતો ખૂબ જ ગમે છે. ઘણી વખત થોડા અઘરાં હોય છે. છતાં એકંદરે ગમી જાય તેવાં હોય છે. સરસ. આ તો હિંમતનગરના પ્રો. ડૉ. જગદીશભાઈ જોષીને કોમ્પ્લીમેન્ટસ મળ્યા. આપણા ઋષિ મુનિઓએ બોધવચન રૂપે લખેલાં આ સુભાષિતો દ્વારા લોકોને આદર્શ જીવન જીવવા સાચું માર્ગદર્શન મળે. તેમને સારાં નરસાંનું ભાન થાય, તેમનામાં સંસ્કારિતા આવે અને એક શુદ્ધ સમાજનું નિર્માણ થાય એજ આપણા પૂર્વજો-ઋષિગણોનો શુભાશય હતો, આ પ્રકારના સુભાષિતો રચવાનો.

કાળક્રમે માધ્યમોમાં બદલાવ આવતો રહ્યો. એ જ બોધવચનો 'ઈસપની બોધકથાઓ' કે પછી પંચતંત્રની વાતો કે પછી 'બત્રીસ પૂતળીની વાર્તાઓ' દ્વારા સમાજમાં એક યા બીજા સ્વરૂપે પ્રસરતાં હતાં. આ બોધવચનો આજના ફાસ્ટ કોમ્યુનીકેશનના યુગમાં સેલ ફોનમાં SMS રૂપે પરિવર્તિત થયેલાં જોવા મળે છે. SMSનો મૂળ હેતુ ઓછા ખર્ચે વ્યાપારિક સંદેશાઓની આપ-લે કરવાનો હશે. પરંતુ હવે તો SMSનો ઉપયોગ ઘણા બધા કાર્યો માટે થતો જોવા મળે છે.

ગત ૧૧મી માર્ચે એક સુખદ આંચકો શેરખાને આપ્યો. શેરખાન શેરદલાલની પેઢી છે અને તે તેમના ગ્રાહકોને કોઈ કંપનીના શેર લેવાની-વેચવાની ટીપ્સ SMS દ્વારા આપે છે. પરંતુ ૧૧મી માર્ચે શેરખાનના શ્રી આસિતે જે SMS મોકલ્યો હતો તે કંઈક જુદો જ હતો. આસિતે લખ્યું હતું કે No One is this world is rich enough to buy his past. So, enjoy each moment before it gets beyond reach. છે ને સુંદર સુભાષિત ! આસિત કહે છે કે વિશ્વમાં કોઈપણ વ્યક્તિ એટલી સંપન્ન નથી કે તે તેની વીતી ગયેલી પળોને ખરીદી શકે. માટે જીવનની દરેક ક્ષણ સરકી જાય તે પહેલાં માણી લેજો.

અમારા ગાંધીનગરના એક જ્ઞાતિ બંધુ આપણા સમાજ વતી SMS સેવાઓ ચલાવે છે. તેમની પાસે ઉપલબ્ધ તમામ મોબાઈલ ફોન નંબર તેમજ રોજ SMS દ્વારા જોબ એલર્ટ, લોન્સ ફોર એજ્યુકેશન, સ્કોલરશીપ્સ વગેરેને લગતાં સંદેશાઓ મોકલે છે. ક્યારેક જરા હટકે જઈને સારા વિચારો પણ મોકલે છે. તેમણે તાજેતરમાં મોકલેલો એક SMS વાંચવા જેવો છે. 'Coming together is beginning, Keeping together is progress and working together is Success. છે ને સુંદર વિચાર ! કાર્યની સફળતા માટે પહેલાં તો ભેગા થવું પડે, પછી હળતાં-મળતાં રહેવું પડે અને છેલ્લે સાથે

(અનુ. પાન નં. ૯ પર)

## ભાગ્યનું સમર્થન

**पत्रं नैव यदा करीरविटपे दोषो वसंतस्य किं**
**नोलूकोऽप्यवलोकते यदि दिवा सूर्यस्य किं दूषणम् ।**
**धारा नैव पतन्ति चातकमुखे मेघस्य किं दूषणम्**
**यत्पूर्वं विधिना ललाटलिखितं तन्मार्जितं कः क्षमः ।।**

જો કેરડાના વૃક્ષને પાંદડું જ ન હોય તો તેમાં વસંતનો શો દોષ ? જો ઘુવડ દિવસે પણ ન જોઈ શકે તો એમાં સૂર્યનો શો દોષ ? જો ચાતક પક્ષીના મુખમાં વરસાદની ધારા ન પડે તો તેમાં મેઘનો શો વાંક ? વિધાતાએ પૂર્વે જે કંઈ લલાટે લખ્યું હોય તેને દૂર કરવા માટે કોણ સમર્થ છે ? અર્થાત્ કોઈ જ નહીં.

**– પ્રો. ડૉ. જગદીશભાઈ એસ. જોશી, હિંમતનગર**

## હાર નથી થતી

લહેરોના ડરથી નૌકા પાર નથી થતી,
કોશિશ કરવાવાળાની હાર નથી થતી.
નાની કીડી જ્યારે દાણો લઈને ચાલે છે,
ચઢતાં દિવાલો પર સો વાર લપસે છે
મનનો વિશ્વાસ નસોમાં સાહસ ભરે છે,
ચઢીને પડવું, પડીને ચઢવું નિશ્ચય દઢ કરે છે !
છેવટે એની મહેનત બેકાર નથી જતી,
કોશિશ કરવાવાળાની હાર નથી થતી.
ડૂબકીઓ સાગરમાં મરજીવા લગાવે છે,
જઈ જઈને એ ખાલી હાથે બહાર આવે છે !
મળતાં નથી મોતી સહેજે ઊંડા પાણીમાં,
વધે છે ઉત્સાહ બમણો આ પરેશાનીમાં !
મુઠ્ઠી એની દર વખતે ખાલી નથી હોતી.
કોશિશ કરવાવાળાની હાર નથી હોતી.
નિષ્ફળતા એક પડકાર છે - સ્વીકારી લો,
શું તમારી ખામી રહી ગઈ જૂઓ અને સુધારી લો !
જ્યાં સુધી સફળ ન થાઓ, ઊંઘ ચેનની ત્યાગો તમે,
સંઘર્ષોનું મેદાન છોડી ન ભાગો તમે !
કંઈજ કર્યા વગર જય જય કાર થતો નથી,
કોશિશ કરવાવાળાની હાર નથી થતી.

**ખર્ચ્યું તે ખોવાયું, બચાવ્યું તે બીજાનું,**
**આપ્યું તે જ આપણું.**

# શ્રી એકલિંગજી દાદાનો પાટોત્સવ હર્ષોલ્લાસથી ઉજવાયો

જયાં જયાં ભટ્ટ મેવાડા બ્રાહ્મણો રહે છે ત્યાં ત્યાં દર વર્ષે ફાગણ વદ-૧૪ના દિવસે શ્રી એકલિંગજી મહાદેવનો પાટોત્સવ ઉજવાય છે. આ વર્ષે પણ તા. ૧૪-૩-૨૦૧૦ના રોજ ઠેર ઠેર પાટોત્સવ ઉજવાઈ ગયો. ગાંધીનગરમાં દર વર્ષે ભટ્ટ મેવાડા સમાજ તેમજ ત્રિવેદી મેવાડા સમાજના સંયુક્ત ઉપક્રમે પાટોત્સવ ઉજવાય છે. આ વર્ષે પણ એ જ પરંપરા ચાલુ રાખી પાટોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. ગાંધીનગર સ્થિત પંચદેવ મંદિર ખાતે ભટ્ટ મેવાડા સમાજના શ્રી ભરતભાઈ ડી. ભટ્ટના મુખ્ય યજમાનપદે શ્રી રૂદ્રાભિષેક મંડળના સહયોગથી લઘુરૂદ્ર કરવામાં આવ્યો હતો. શ્રી ભરતભાઈ ભટ્ટના સૌજન્યથી ભંડારાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બંને સમાજોના કુલ પાંચસો જેટલા જ્ઞાતિજનોએ મહાપ્રસાદનો લાભ લીધો હતો.

અમદાવાદ માં ડૉ. જ.મૂ.મહેતા ભટ્ટ મેવાડા છાત્રાલય ખાતે શ્રી સુરેશભાઈ ગોરના સૌજન્યથી પૂજા તેમજ ભંડારાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં મોટી સંખ્યામાં જ્ઞાતિજનોએ ઉમળકાભેર ભાગ લીધો હતો.

અમદાવાદ ભટ્ટ મેવાડા લ્હાણા પંચ દ્વારા દૌલતખાના, સારંગપુર ખાતે બાર દંપતિઓ દ્વારા લઘુરૂદ્ર કરવમાં આવ્યો હતો. ત્યાર બાદ એકલિંગજી દાદાની શોભાયાત્રામાં તેમજ મહાપ્રસાદમાં મોટી સંખ્યામાં જ્ઞાતિજનોએ હાજરી આપી હતી.

હિંમતનગર ખાતે પોલો ગ્રાઉન્ડ પર આવેલ પંચદેવ મંદિરમાં ડૉ. સુમનચંદ્ર દામોદરદાસ પંડ્યાના મુખ્ય યજમાનપદે લઘુરૂદ્રાભિષેક યોજાયો હતો તેમજ તેમના સૌજન્યથી મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું. ભટ્ટ મેવાડા સમાજના વિશાળ સમુદાયે પાટોત્સવની ઉજવણીમાં ભાગ લીધો હતો.

વિજાપુર ખાતે શ્રીમતી નિરંજનાબેન ચંદ્રકાંત જોષી (હાલ ગાંધીનગર)ના સૌજન્ય- થી શ્રી એકલિંગજી દાદાનો પાટોત્સવ યોજાયો હતો. આગલે દિવસે એટલે કે તા. ૧૩-૩-૨૦૧૦ના રોજ પૂજા-અર્ચના યોજવામાં આવી હતી.

ખેડબ્રહ્મા ખાતે શ્રી પોપટલાલ વાસુદેવભાઈ જોષીના સૌજન્યથી શ્રી એકલિંગજી દાદાનો ભંડારો ખૂબ જ હર્ષોલ્લાસથી ઉજવવામાં આવ્યો હતો. આ પ્રસંગે જ્ઞાતિના તેજસ્વી વિદ્યાર્થીઓને ઈનામ વિતરણ સ્વ. પ્રવિણભાઈ વાસુદેવભાઈ પરિવાર તરફથી કરવામાં આવ્યું હતું. સમસ્ત ભટ્ટ મેવાડા જ્ઞાતિજનોએ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહી પોતાની શ્રદ્ધા વ્યક્ત કરી હતી.

દેશોતર ખાતે શ્રીચંદ્રકાંતભાઈ ઉપાધ્યાયના સૌજન્યથી તેમના જ મુખ્ય યજમાનપદે શ્રી એકલિંગજી દાદાનો ભંડારો ધામધૂમથી ઉજવાઈ ગયો.

ખંભાત ખાતે શ્રી રામકૃષ્ણ શિવશંકર મહેતા પરિવાર દ્વારા પુનઃ નિર્મિત શ્રી એકલિંગજી મંદિરમાં જ શ્રી રામકૃષ્ણ મહેતા પરિવારના સૌજન્યથી હોમાત્મક લઘુરૂદ્રનું આયોજન કરવામાં આવ્યુ હતું. જેમાં જ્ઞાતિજનોએ ઉમળકાભેર ભાગ લીધો હતો.

વડોદરા ખાતે જે. એમ. પંડ્યા સંસ્કારધામ, હરણીરોડ સ્થિત મંદિરમાં શ્રી એકલિંગજી દાદાનો ૯૦મો પાટોત્સવ શ્રી અશોકભાઈ શ્યામલાલ પંડ્યા અને શ્રી અત્રીભાઈ વ્યાસના સંયુક્ત મુખ્ય યજમાનપદે ધામધૂમથી ઉજવાઈ ગયો.

મોડાસા ખાતે શ્રી એકલિંગજી ભગવાનનો ૧૧મો પાટોત્સવ મુખ્ય યજમાન શ્રી જગદીશકુમાર અંબાલાલ જોષી પરિવારના સૌજન્યથી યોજાઈ ગયો.

ભિલોડા તાલુકાના પાલ્લા ગામે નિલકંઠ મહાદેવના મંદિરમાં શ્રી યુવા ભટ્ટ મેવાડા બ્રાહ્મણ સમાજ દ્વારા શ્રી એકલિંગજી દાદાનો પ્રાટોત્સવ ઉજવાઈ ગયો. આ પ્રસંગે શ્રી એકલિંગજી દાદાની ભવ્ય શોભાયાત્રા નીકળી હતી. શ્રી ક્ષિતિજકુમાર જોષીના યજમાનપદે લઘુરૂદ્રાભિષેકનું આયોજન કરવામાં આવ્યું હતું.

ભરૂચ ખાતે શ્રી એકલિંગજી મંદિર ખાતે શ્રી જયેશકુમાર રમેશચંદ્ર પંડ્યાના મુખ્ય યજમાનપદે લઘુરૂદ્ર તથા ભંડારાનું આયોજન કરવામાં આવ્યું હતું. ભરૂચના સર્વે જ્ઞાતિજનોએ ખૂબ જ શ્રદ્ધા તથા ઉલ્લાસ સાથે નવસ્તી મહોત્સવમાં ભાગ લીધો હતો.

મુંબઈમાં દહીંસર ખાતે શ્રી એકલિંગજી દાદાનો ભવ્ય પાટોત્સવ ઉજવવામાં આવ્યો હતો, જેમાં ૧૫૦૦ જેટલા જ્ઞાતિજનોએ ઉમંગભેર ભાગ લીધો હતો અને છેલ્લે ઓવરસીસની વાત. ઓસ્ટ્રેલિયા પર્થ ખાતે ગાંધીનગરના શ્રી કલ્પેશભાઈ ભટ્ટના સૌજન્યથી સૌ પ્રથમ વખત શ્રી એકલિંગજી દાદાનો પાટોત્સવ ઉજવાઈ ગયો.

વિદેશોમાં વસતા ભટ્ટ મેવાડાજનો માટે આ અનુકરણીય ઉદાહરણ છે. વિદેશોમાં અન્યત્ર આવા કાર્યક્રમો યોજાય તો ભટ્ટ મેવાડા વર્તમાનને તેની જાણ અચૂક કરવા વિનંતી.

**M. H. Joshi**
(Re. Police Insp. Guj. State)

VP SECURITIES

**V. P. Securities**

**EXPERTS IN :**
**Industries Security**
**Private Security**
**Private Investigation**

17, Puspratna Complex,
Nr. Ambicanagar Bus Stop,
High Way, Kalol - (N.G.) 382 721.
Mobile : 98252 25484
Phone : (02764) 250444

# ૨૫ વર્ષ પહેલાં કીડની દાન હવે પછી દેહદાન

હાલના સમયમાં રક્તદાન, ચક્ષુદાન, કીડનીદાન, દેહદાન વગેરે અંગે શિક્ષણ તેમજ પ્રચાર-પ્રસાર વધતાં આ પ્રકારના દાન અંગે લોકોમાં જાગૃતિ આવી છે અને લોકોમાં આવા દાનનો વ્યાપ વધતો જોવા મળે છે. પરંતુ આજથી ૨૫ વર્ષ પહેલાં આ પ્રકારની જાગૃતિ ઓછી જોવા મળતી. કીડની ટ્રાન્સપ્લાન્ટના કેસો પણ ખૂબ જ ઓછા થતાં. વળી, એ જમાનામાં સફળતાની ટકાવારી પણ આજ કરતાં ઘણી નીચી. આવા સંજોગોમાં કીડની દાતા મળવા મુશ્કેલ. કોઈને કીડની જરૂર પડે તો તેના નજીકના સગા-વહાલામાંથી કોઈક પોતે દાન કરે તો જ જિંદગી બચે. આવા સંજોગોમાં કોઈ વ્યક્તિ સામે ચાલીને કીડની દાનમાં આપવા બંને કીડની ખરાબ થઈ ગઈ હોય તેવા દર્દીને શોધવા નીકળે એ વાત આશ્ચર્યજનક લાગે અને દાતા જરૂરિયાતમંદને સામેથી જ કીડની આપવા જાય એવો વીરલો ભાગ્યે જ મળે. આવો વીરલો આપણી જ જ્ઞાતિનો છે એવું જાણ્યા પછી દરેક ભટ્ટ મેવાડાજનને ગૌરવ થાય. એવા વીર દાતા છે - શ્રી ભાલચંદ્રભાઈ ચીમનલાલ જોષી.



**શ્રી ભાલચંદ્રભાઈ જોષી**

અમદાવાદ માં ઘાટલોડિયા, રન્નાપાર્ક પાસે કર્મચારીનગર-૧માં રહેતા શ્રી ભાલચંદ્રભાઈ જોષીને આજથી ૨૫ વર્ષ પહેલાં કીડની દાન કરવાની ઈચ્છા જાગી.

આપણાં શરીરમાં કીડની રૂધિરાભિસરણ તંત્રનું મહત્ત્વનું અંગ છે. માનવ શરીરમાં બે કીડની હોય છે. ડાયાબીટીસ જેવા રોગોને કારણે કીડનીને વધારે શ્રમ કરવો પડે છે, જેને કારણે સમય જતાં કીડની નબળી પડે છે અને કીડની કામ કરતી બંધ થઈ જાય છે. એક કીડનીથી માનવી જીવી શકે છે. પરંતુ મધુપ્રમેહને કારણે એક કીડની બંધ થઈ જાય તો બીજી ઉપર બોજ વધે અને ધીરે ધીરે તે પણ કામ કરતી બંધ થઈ જાય. પરિણામે દર્દીને ડાયાલીસીસ ઉપર જીવવાનો વારો આવે. જો કે ડાયાલીસીસ ઉપર જીવન ચાર-પાંચ વર્ષ જેટલું લંબાવી શકાય. કોઈક કિસ્સામાં થોડા વધુ વર્ષ નીકળે. આ ડાયાલીસીસ કરાવવું એ કંઈ સરળ નથી કે એક વખતની પ્રક્રિયા નથી. દર્દીની પરિસ્થિતિ અનુસાર દર બે-ત્રણ દિવસે ડાયાલીસીસ કરાવવું પડે. દર્દીને ખોરાક અને પાણી લેવામાં ખૂબ જ પથ્ય પાળવા પડે. પાણી તો માપી માપીને પીવું પડે અને ડાયાલીસીસ કંઈ સસ્તુ નથી. પૈસા પાણીની જેમ વપરાય, તો પણ પરિણામ શૂન્ય.

આ સંજોગોમાં કોઈની કીડની દાનમાં મળે તો જ દર્દીની યાતનાઓ ઘટે અને દર્દીને નવ જીવન મળે. આથી દર્દીના સગા-સંબંધીઓ કીડની દાતાઓની શોધમાં હોય છે. જાહેરખબરો દ્વારા તેઓ દાતા સુધી પહોંચવાના પ્રયત્નો કરે છે. જ્યારે આપણા ભાલચંદ્રભાઈ તો નીકળી પડ્યા દર્દીની શોધમાં. ૧૯૮૧માં ભાલચંદ્રભાઈએ જાહેરાત વાંચી અને દર્દી સુધી પહોંચ્યા. બે વખત મુંબઈ જઈ આવ્યા અને કીડનીના ટેસ્ટ કરાવ્યા. પણ પછી દર્દી તરફથી કોઈ સમાચાર ન આવ્યા. ત્યાર બાદ ૧૯૮૪ના જુલાઈ માસમાં કીડની દાન અંગેની બે જાહેરાત વાંચવા મળી. સૂરતના એક પત્રકારને કીડનીની જરૂર હતી. એક અમદાવાદના દર્દી હતા. બંનેને મળીને શ્રી ભાલચંદ્રભાઈએ પોતાની ઈચ્છા વ્યક્ત કરી. પરંતુ એક માસ સુધી કોઈ સમાચાર ન મળતાં છેવટે મુંબઈના શ્રી રાજેન્દ્રસીંગ સેઠીને કીડનીની જરૂર પડતાં હરકિશન

(અનુ. પાન નં. ૭ પર)

LIC
भारतीय जीवन बीमा निगम
LIFE INSURANCE CORPORATION OF INDIA

*With Best Compliments From*

*Sonu N. Bhatt*

**(AGENT)**

**NSC, KVP, MIS, R.D.,**
**SMALL SAVINGS SCHEME,**
**LIC, UTI, PPF, COS. DEPOSITS,**
**SRGE, ICICI MUTUTAL FUND,**
**RBI RELIEF BONDS.**

**: RESIDENCE :**

PLOT NO. 152/2, ANAND VATIKA SOCIETY,
SECTOR-22, GANDHINAGAR-382022.
**PH. : 079-23227798, (M) 98980 27798**

## ચાલો સમાજની કરવટ બદલીએ...... (પાન ૧નું અનું.)

સૂચના આપવામાં આવે છે. ગાંધીનગર સમાજે શરૂ કરેલી આ સારી પ્રવૃત્તિને સમાજના ઉચ્ચપદે ફરજ બજાવતા અધિકારીઓ, ધંધાદારીઓ તરફથી વધુ સહકાર મળે તો આ દિશામાં નોંધપાત્ર પરિણામ મળી શકે તેમ છે.

**૩. તબીબી સહાય યોજના**

કહેવત છે કે 'પહેલું સુખ તે જાતે નર્યા' દેવું કરીને ઘી પીવું વગેરે વાતો ભૂતકાળમાં કહેવાયેલી છે. દુનિયાના ધનિકોમાંના એક એવા શ્રી અનિલ અંબાણીને કોઈકે પૂછ્યું કે, તમારા જીવનમાં તમે કઈ બાબત ખૂબ જ મહત્ત્વની ગણો છો. ત્યારે તેઓએ એક જ જવાબ આપ્યો હતો કે સારૂં સ્વાસ્થ. આજના જમાનામાં માંદા પડવું પોષાય તેમ નથી. કેમીકલ યુક્ત ખોરાક, રાસાયણિક ખાતરો, જંક ફૂડ વગેરેની સાથોસાથ શારીરિક શ્રમનો, કસરતનો અભાવ અનેક રોગો તરફ લઈ જાય છે.

આપણો સમાજ મધ્યમ કે ઉચ્ચ વર્ગનો કહી શકાય. સામાન્ય સારવાર પણ ખૂબ મોંઘી થઈ ગઈ છે ત્યારે સારવારના મોટા ખર્ચને પહોંચી વળવું ખૂબ જ મુશ્કેલ છે. સમાજના કેટલાક ભાઈઓને આવી પડેલી મુશ્કેલીથી આપણે અજાણ નથી જ. તેથી આ દિશામાં કાયમી ધોરણે તબીબી સહાય અંગેની વ્યવસ્થા થાય તે ખૂબ જ જરૂરી છે. આ કેવી રીતે કરી શકાય, કેટલી રીતે કરી શકાય, કોને કરી શકાય વગેરે અંગે આપનાં અમૂલ્ય સૂચનો આવકાર્ય છે. આ સૂચનોમાં નીચેની બાબતો પણ આવરી લેવી આવકારદાયક જણાય છે.

- જરૂરિયાતવાળા બંધુઓને મેડીકલ સહાય - ખબર પણ ન પડે તેવી રીતે કરી શકાય.
- આ માટે કાયમી ભંડોળ ઉભું કરવામાં આવે અથવા એક યોજના જેમાં વાર્ષિક, ત્રિમાસિક કે માસિક ધોરણે ચોક્કસ રકમ ભેગી કરવામાં આવે.
- માસિક ધોરણે ચોક્કસ રકમ ભેગી કરવામાં આવે.
- મેડીકલ સહાય સમિતિની અને સંબંધિત સમાજની ભલામણ મુજબ સહાય ચૂકવી શકાય.

**ગ્રુપ ઈન્સ્યુરન્સ :** વિમો એ સમયની જરૂરિયાત છે. આપણો સમાજનો મોટો ભાગ મધ્યમવર્ગમાંથી આવે છે. તબીબી સારવાર મોંઘી થઈ છે ત્યારે તબીબી સારવાર માટે અને મૃત્યુના બનાવથી કુટુંબને આર્થિક સહાય મળે તે માટે ખૂબ જ જરૂરી.

**૪. વણખેડાયેલા ક્ષેત્રો માટે શિક્ષણ - શિક્ષણ માટે અલગ ભંડોળ**

આપણા સમાજમાં ટેલેન્ટો અભાવ નથી પરંતુ કેટલીકવાર નાણાંના અભાવે પ્રતિભાસંપન્ન યુવાધન મુરઝાઈ જાય તે પોષાય નહીં. આ માટે તેજસ્વી વિદ્યાર્થીઓને શરૂથી સમાજ દ્વારા એવું વાતાવરણ મળે કે જેથી તેઓ પોતપોતાના રસના ક્ષેત્રોમાં વિશિષ્ટ સ્થાનો મેળવી શકે. આ માટે સમાજે શિક્ષણ માટે એક અલગ ભંડોળ ઉભું કરવું પડશે. સમાજના વિદ્યાર્થીઓ સરકારી નોકરીઓમાં ઉચ્ચપદે જઈ શકે તે માટે સીવીલ સર્વિસીસની પરીક્ષાઓમાં અગ્રેસર રહે તેમજ અન્ય વણેખડાયેલા ક્ષેત્રોમાં પણ આગળ વધે તેવા પ્રયત્નો કરવા પડશે.

**૫. વ્યસનમુક્તિ અભિયાન**

વ્યસન એ આજના યુગમાં બહુ જ મોટું દૂષણ છે અને આ વ્યસનોમાંથી આપણો સમાજ પણ બાકાત નથી. સમાજનું યુવાધન સંગદોષ અને વ્યસનના રવાડે ચડે, સહેલાઈથી ગમે તે રીતે કમાઈ લેવાની લાલચમાં વારસાવગ સંસ્કારો કે નીતિ નિયમોને અવગણે તે પોષાય તેમ નથી. આપણો બુદ્ધિશાળી અને મહેનતું સમાજ જો આમ થશે તો હચમચી જશે અને તેથી સમાજે તેની ચિંતા સેવવી જોઈએ. યુવાધન પાન-બીડી, ગુટખા કે અન્ય વ્યસનોથી દૂર રહે તેવું વાતાવરણ નિર્માણ થાય તેની ખાસ જરૂર છે.

**૬. આર્થિત રીતે નબળાં કુટુંબોને મદદ**

આપણા સમાજના બંધુો જોઈએ તેટલા પ્રમાણમાં આર્થિત રીતે સદ્ધર નથી. કેટલાક કુટુંબો ખૂબ જ કપરી દશામાં જીવી રહ્યા છે અને તેમાં પણ જો કોઈ કુટુંબનો મોભી અવસાન પામે તે કુટુંબની સ્થિતિ ખૂબ જ ખરાબ થઈ જાય છે. આવા કુટુંબોની જવાબદારી સમાજે ઉપાડવી જ રહી. અન્ય જ્ઞાતિઓમાં આવી વ્યવસ્થા છે અને આ વ્યવસ્થા વ્યક્તિનું માન-સન્માન જળવાય તે રીતે થાય તે પણ એટલું જ જરૂરી છે. આ માટે શું કરી શકાય ?

૧. બાળકોના શિક્ષણની જવાબદારી

૨. કુટુંબના ભરણપોષણ માટે આર્થિક સહાય - અનાજ કરિણાયાની વાર્ષિક જરૂરીયાત પૂરી પડા..

આ બે બાબતો પર પૂરતું ધ્યાન અપાય તે આજના સમયની માંગ છે અને આપણી ફરજ પણ છે. આ કેવી રીતે કરી શકાય તે અંગેના તમારાં મંતવ્યો જરૂરથી મોકલશો.

**૭. વિધવા સહાય**

સમાજમાં નિરાધાર બનેલ અને વિધવા બહેનોને/ભાઈઓ પ્રત્યે સરકાર કુણું વલણ દાખવી સહાય કરે છે ત્યારે સમાજના ભાઈ-બહેન હોવાના નાતે આપણી તેમના પ્રત્યેની સહાનુભૂતિ વધારે હોય તે સ્વાભાવિક છે. નાની ઉંમરે થતી વિધવા બહેનો કે મોટી ઉંમરે થયેલ વિધવા અને વિધુર ભાઈ બહેનોની સ્થિતિ કેટલીક જગ્યાએ દયનીય અને કંપારી ઉપજાવે તેવી છે. સમાજના આવા નિરાધાર અને અસહાય વ્યક્તિઓના દુઃખમાં સહભાગી થવાની આપણી ફરજ છે. આવી મદદ પૂરતા પ્રમાણાં પહોંચે એ પણ જરૂરી છે. આ સહાય સમાજ તરફથી, સરકારની વિવિધ યોજનાઓ દ્વારા કે અન્ય ટ્રસ્ટો દ્વારા પણ અપાતી હોય છે તેનો લાભ માહિતી હોવી જરૂરી છે.

**૮. સરકારી યોજનાઓનો લાભ/જાહેર ટ્રસ્ટોની મદદ**

ભારત સરકાર, ગુજરાત સરકાર અને કેટલાંક જાહેર ટ્રસ્ટ જુદી જુદી બાબતોએ મદદ કરે છે. ભારત સરકારની યોજનાઓ, ગુજરાત સરકારની યોજનાઓનો મહત્તમ લાભ સમાજના જરૂરિયાતમંદોને મળે તે પણ એટલું જ જરૂરી છે.

**૯. શિક્ષણને લગતી પ્રવૃત્તિ**

આપ સૌ જાણો છો તેમ અગાઉ આપણું કામ ભણાવવાનું એટલે કે વિદ્યાદાનનું હતું અને મોટેભાગે શિક્ષક તરીકે કામ કરવાનું હતું. આ ઉપરાંત યજમાનવૃત્તિ - કર્મકાંડ કરકતાં હતા. હવે પરિસ્થિતિ બદલાઈ છે અને શિક્ષણની સાથો સાથે અન્ય પ્રવૃત્તિઓમાં પણ આપણે જોડાયા છીએ.

આપણો સમાજ આર્થિક રીતે ખૂબ સદ્ધર નથી તેથી ઉચ્ચ શિક્ષણ માટે હાલમાં થતા ખર્ચને પહોંચી વળવું પણ મુશ્કેલ બને છે. તેથી

સમાજમાં જે વિદ્યાર્થીઓ તેજસ્વી છે, આગળ અભ્યાસ કરીને સમાજનું નામ રોશન કરી શકે તેમ છે અને આર્થિક રીતે નબળા છે તેવા વિદ્યાર્થીઓ પૈસાના અભાવે આગળ અભ્યાસ ન કરી શકે તે સમાજ તરીકે આપણા માટે દુઃખની બાબત ગણી શકાય. સમાજને જો આગળ લાવવા હશે તો શિક્ષણને ઉત્તેજન અને પ્રોત્સાહન આપવું પડશે. આ સમયની માંગ અને આજની જરૂરિયાત છે.

અન્ય સમાજો જોઈએ તો ખૂબ જ પછાત કહી શકાય તેવા સમાજો પણ સંગઠિત થઈને શૈક્ષણિક, સામાજિક અને આર્થિક પ્રવૃત્તિઓણાં આપણા કરતાં ઘણા આગળ નીકળી ગયા છે. સરકારની નીતિઓ પણ હવે એવી છે કે અમુક જ્ઞાતિના લોકોને અગ્રતા મળે છે તેથી હવે આપણે ભણ્યા સિવાય કોઈ વિકલ્પ નથી તેથી સંગઠિત થઈને સમાજને બેઠો કરવા, આગળ લાવવા આ દિશામાં વિચારવું જ પડશે. આ ઉપરાંત કારકિર્દી ઘડતર, વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે, માર્ગદર્શન અને સરકારની વિવિધ યોજનાઓનો પણ લાભ કેવી રીતે લઈ શકાય, અન્ય ટ્રસ્ટોની શિષ્યવૃત્તિની યોજનાઓનો કેવી રીત લાભ લઈ શકાય, બેંકોની લોન કેવી રીતે લઈ શકાય વગેરે અંગે પણ માર્ગદર્શન અને માહિતી મેળવવાની બાબતનો સમાવેશ કરી શકાય.

આ માટે શું કરવું જોઈએ ?

૧. તેજસ્વી અને આર્થિક રીતે નબળા વિદ્યાર્થીઓનો ડેટા ભેગો કરવો.
૨. આ ડેટા ૩ માસમાં ભેગો થાય તેવું આયોજન

ડેટાબેઝ તૈયાર થયા બાદ

- જરૂરિયાતવાળા વિદ્યાર્થીઓને અલગ તારવવા.
- આ માટેની સહાય (ધો. ૮ થી શરૂ કરીને જ્યાં સુધી અભ્યાસ કરવા માંગતા હોય ત્યાં સુધી)
- નાણાંકીય આયોજન-સહાય માટે કેટલા નાણાંની જરૂરિયાત રહેશે તે
- વિદ્યાર્થીઓને દત્તક લઈને ભણાવવા અને ફંડ રેઈઝીંગ એક્ટીવીટી

**યોગ્ય અને સુચારું અમલીકરણ માટે -**

- રાજ્યકક્ષાની સમિતિ જેમાં સમાજના આગેવાનો, ઉદ્યોગકારો, યુવાનો અને શિક્ષણવિદોને સામેલ કરી શકાય.

આ ઉપરાંત અન્ય બાબતોને પણ આવરી લઈ શકાય. આ માટેનાં તમારાં અમૂલ્ય સૂચનો આવકાર્ય છે.

**૧૦. સમાજ માટે કંઈક કરી છૂટવાની ભાવના**

અમેરિકાના રાષ્ટ્રપતિ શ્રી અબ્રાહમ લિંકને એકવાર કહેલું કે અમેરિકાએ તમારા માટે શું કર્યું તે ન પૂછો - તમે અમેરિકા માટે શું કર્યું તેમ પૂછો. આપણે પણ આપણી જાતને પ્રશ્ન પૂછીએ કે આપણે આપણા સમાજ માટે શું કર્યું ? આપણી પ્રગતિ માટે સમાજનું આપણા પર ઋણ છે. આ ઋણ અદા કરીએ.

આમ સમાજે કરવા જેવાં કેટલાંક કાર્યો, પ્રવૃત્તિઓ વિશે જણાવ્યું છે. આ કેવી રીતે થઈ શકે, આ કરવા માટે શું કરવું જોઈએ તે માટેનાં આપનાં અમૂલ્ય સૂચનો આવકાર્ય છે. જો સમાજને આગળ લાવવો હશે તો સમાજના ભણેલા, ઉચ્ચપદે બિરાજતા અધિકારી, સમાજના સાંધનસપન્ન લોકો, શિક્ષણવિદો, ડૉક્ટરો, વકીલો વગેરે સૌએ સક્રિય બનવું પડશે અને તો જ ભટ્ટ મેવાડાનું આત્મ ગૌરવ, આત્મસન્માન વધારીને સમગ્ર જ્ઞાતિની અસ્મિતા વધારી શકાશે અને આપણા પૂર્વજો જે રીતે મેવાડ રાજ્યમાં મહત્ત્વ ધરાવતા હતા તેવું જ મહત્ત્વ ગુજરાતમાં પણ ધરાવતા થઈશું.

# વાંચકોના પ્રતિભાવ

- મહેસાણાથી શ્રી ધર્મેન્દ્રભાઈ એસ. પંડ્યાનો પત્ર છે. ભટ્ટ મેવાડા વર્તમાનના પ્રકાશન દ્વારા જ્ઞાતિની એકતા તથા પ્રગતિના ઉમદા કાર્ય બદલ તેમણે અભિનંદન પાઠવ્યા છે. શ્રી ધર્મેન્દ્રભાઈ એકેડેમી ઓફ ઈન્ડિયન મેડિસીન, પૂનાના માન્ય આયુર્વેદીક સલાહકાર છે, જે કોઈ જ્ઞાતિજનને નાની-મોટી બિમારી અંગે આર્યુર્વેદિક દવાઓ અંગે સલાહ જોઈતી હોય તો અંગેની સેવાઓ આપવા તેમણે ઓફર કરી છે. તેમનો મોબાઈલ નંબર છે - ૯૫૭૪૫ ૭૩૦૩૭. આ નંબર ઉપર તકલીફ જણાવવાથી રોગનું નિદાન કરી ફોન ઉપર જ સારવાર અંગે માહિતી તેઓ આપશે. વળી, તેમણે 'પહેલું સુખ તે જાતે નર્યા' નામની લેખમાળા શરૂ કરવાનો ઈરાદો પણ વ્યક્ત કર્યો છે અને એક લેખ પણ મોકલ્યો છે, જેનો યથાવકાશે ઉપયોગ થઈ શકશે. ખૂબ ખૂબ આભાર ધર્મેન્દ્રભાઈ.
- વડોદરાથી શ્રી બલભદ્ર જે. ગોરનો પત્ર છે તેઓ જણાવે છે કે ભટ્ટ મેવાડ વર્તમાન દ્વારા જ્ઞાતિજનોને જે રસપ્રદ માહિતી પૂરી પાડવામાં આવે છે, તે ઘણું જ પ્રસંશનીય છે. વિશેષમાં તેઓ જણાવે છે કે છઠ્ઠા અખિલ હિંદ ભટ્ટ મેવાડા સંમેલનનું આવાહ્ન ગાંધીનગર સમાજે ઉપાડી લીધું છે તેમાં વડોદરા મંડળનો સહકાર જરૂર મળી રહેશે. આ માટે તેમના ભાગે જે કામ આવતું હશે તે નિઃસંકોચપણે જણાવવાનું લખ્યું છે અને તેમણે વ્યક્તિગત રીતે તથા મંડળના મંત્રીની રૂએ ખાત્રી આપી છે કે છઠ્ઠું સંમેલન સફળ બનાવવા યથાયોગ્ય મદદ તેઓ કરશે.
- અમદાવાદથી શ્રી રમણલાલ પંડ્યાનો પત્ર છે. તેઓ લખે છે કે આપણી જ્ઞાતિને ઘણા સમયથી સારા માસિકની જરૂરિયાત હતી, જે ભટ્ટ મેવાડા વર્તમાનના અંકો જોતા પૂરી થશે એમ લાગે છે. 'અમે ભટ્ટ મેવાડા' કોલમથી શ્રી રામકૃષ્ણ મહેતાએ શરૂઆતમાં જ સુંદર રજૂઆત કરી. હવે શ્રી એકલિંગજી પ્રાક્ટ્યની કોલમ રજૂ થઈ રહી છે, જે આવકારણીય છે. જ્ઞાતિના સ્વર્ગસ્થ સેવાભાવી મહાનુભાવોના જીવન અને કાર્ય વિશે રજૂઆત થઈ રહી છે, જે જરૂરી અને નવી પેઢી માટે અનુકરણીય બની રહેશે. ભટ્ટ મેવાડા વર્તમાન શરૂ કરવા બદલ ભટ્ટ મેવાડા સમાજ, ગાંધીનગરને અભિનંદન. વધુમાં તેમણે જ્ઞાતિના વિકાસના કામોમાં સહકારની ખાત્રી આપી છે.
- અમદાવાદથી શ્રી ભાલચંદ્ર ચીમનલાલ જોષીને પત્ર છે તેમણે ૨૫ વર્ષ અગાઉ અજાણી વ્યક્તિને એક કીડનીનું દાન કર્યું છે અને તેમણે શ્રીમતી એન.એચ. એલ. મ્યુનિસિપલ મેડીકલ કોલેજમાં દેહદાન અંગેનું વસીયતનામું કરેલ છે. તેમણે આ અંગેનો લેખ પણ મોકલ્યો છે, જે આ અંકમાં પ્રસિદ્ધ કરવામાં આવેલ છે.

  ખૂબ ખૂબ અભિનંદન શ્રી ભાલચંદ્રભાઈ.
- નડિયાદથી શ્રી ભાવેશભાઈ પંડ્યાએ ટેલિફોનીક મેસેજથી ભટ્ટ મેવાડા વર્તમાનને શુભેચ્છાઓ પાઠવી છે.

**હિંમતનગરના શ્રી શાંતિલાલ રેવાશંકર પંડ્યાએ ભટ્ટ મેવાડા વર્તમાનને રૂા. ૨૫૧/-ની ભેટ મોકલેલ છે, જેનો સાભાર સ્વીકાર કરીએ છીએ.**

# પહેલું સુખ તે જાતે નર્યાં

- ધર્મેન્દ્ર એસ. પંડ્યા

## એસીડીટી

કહેવાય છે કે એસીડીટીના મુખ્ય ત્રણ કારણો છે.

૧. Hurry = ઉતાવળ
૨. Worry = ચિંતા
૩. Curry = મસાલાવાળુ

જો આ ત્રણ ઉપર સંયમ રાખવામાં આવે તો આ સમસ્યાથી લગભગ છૂટકારો મેળવી શકાય. આ સામાન્ય કારણો છે. પરંતુ બીજા કારણો જેવા કે અલ્સર, કોલાઈટીસ વગેરે કારણોથી કે બીજા અન્ય રોગોને લઈ થાય તો પૂરતી તપાસ અને યોગ્ય ઉપચાર જરૂરી બને છે.

અહીં થોડા સરળ અને ઘરગથ્થું ઉપચાર બતાવવામાં આવ્યા છે જે આમ્લપિત્તની સારવારમાં ઉપયોગી બની રહેશે.

- આમળાનો રસ એક ચમચી, કાળી દાડમ એક તોલો અને મધ અર્ધી ચમચી ભેગું કરી ખાવાથી એસીડીટી મટે છે.
- એલચી, સાકર અને કોકમની ચટણી ખાવાથી એસીડીટી મટે છે.
- સફેદ કાંદાના રસમાં સાકર નાંખી પીવાથી એસીડીટી મટે છે.
- અનાનસના ટુકડા પર સાકર અને મરી ભભરાવી ખાવાથી એસીડીટી મટે છે.
- સફેદ કાંદાને પીસી તેમાં સાકર અને દહીં મેળવી ખાવાથી એસીડીટી મટે છે.
- દાડમ અને બળ હરડે તથા આમળાનું ચૂર્ણ તથા સાકર સરખે ભાગે એક રૂપિયાભાર લેવાથી એસીડીટી મટે છે.
- કોળાના રસમાં સાકર નાંખી પીવાથી એસીડીટીમાં તુરંત ફાયદો થાય છે.
- ગંઠોડા અને સાકરનું ચૂર્ણ લેવાથી એસીડીટી મટે છે તેમજ ભૂખ પણ સારી લાગે છે.
- સૂંઠ ખડી સાકર અને આમળાનું ચૂર્ણ લેવાથી એસીડીટીમાં રાહત મળે છે.
- અર્ધાલીટર પાણીમાં એક લીંબુનો રસ, અર્ધી ચમચી સાકર નાખી બપોરના જમવાના અર્ધા કલાક પહેલા પીવાથી એસીડીટીમાં ખૂબ જ રાહત મળે છે.
- ધાણાજીરૂ અને સાકરનું ચૂર્ણ લેવાથી છાતીમાં બળતરા થતી હોય તે પણ મટે છે.
- ગાજરનો રસ પીવાથી એસીડીટી મટે છે.
- ૧૦૦ થી ૨૦૦ ગ્રામ દુધમાં સાકર તથા ઘીમાં સાંતળેલા ૪-૫ મરીનું ચૂર્ણ નાખી સાંજે પીવાથી એસીડીટી મટે છે.
- ૧ થી ૨ ગ્રામ જેટલો ખાવાનો સોડા ધાણાજીરાના ચૂર્ણમાં મેળવીને લેવાથી એસીડીટીમાં રાહત મળે છે.
- તુલસીના પાનને દહીં કે છાસ (મોળી) સાથે લેવાથી એસીડીટી મટે છે.
- આમળાનું ચૂર્ણ રોજ એક ચમચી સવારે અને એચ ચમસી રાત્રે લેવાથી જુની એસીડીટીમાં પણ છૂટકારો મળે છે.
- લીમડાના પાન અને આમળાનો ઉકાળો પીવાથી એસીડીટીમાં મુક્તી મળે છે.
- ધાણા અને સૂંઠનું ચૂર્ણ લેવાથી એસીડીટી મટે છે.
- સતાવરીનું અને આમળાનું ચૂર્ણ મધ સાથે લેવાતી એસીડીટી તુરંત મટે છે.


With Best Compliments From

**Ritesh Mehta** (M.Com.) **(M) 98240 49997**
**Ph. : 241 7379**

**Chandan Distributors**

***Surgical Products and Rehabilitation Aid Vissco, Flamingo, Accuchek, Diamond, Omron Hicks***

Vadi Wadi, Behind Shiyapura Police Chowkey,
Near Tower Raopura, Vadodara - 390 001.
E-mail : chandsurgi@yahoo.com

**Ramesh Mehta** **(M) 98240 14997**

**Mehta Associats**

***LAND DEVELOPERS & PROJECT CONSULTANT***

B/h. Shiyapura Police Chowkey,
Vadi Wadi, Raopura Tower,
Vadodara - 390 001.
Tele No. (0265) 2413157 Fax : (0265) 2417379
E-mail : mehtaprocon@yahoo.co.in


## 'ભટ્ટમેવાડા વર્તમાન'ના પ્રતિનિધિઓ

**અમદાવાદ**

(૧) શ્રી જીતેન્દ્રકુમાર ઠાકોરલાલ મહેતા
૧૯/ડી, પવિત્રનગર સોસાયટી,
કેડિલા લેબોરેટરી પાસે, ઘોડાસર, અમદાવાદ.

**પાટણ**

(૧) શ્રી પાર્થવિ કે. જોષી
એન. જે. ફૂડઝ નેટવર્ક ૪૩, પહેલો માળ, સીટી પોઈંગ માર્કેટ,
કોહિનૂર સિનેમા સામે, બસ સ્ટેશન રોડ, પાટણ.
ફોન - ૦૨૭૬૬ ૩૨૬૬૪૦, ૯૩૭૪૦ ૮૧૧૩૫

**મોડાસા**

(૧) શ્રી રમેશભાઈ ટી. ઉપાધ્યાય
૧૧૦, રામપાર્ક સોસાયટી, બસ સ્ટેન્ડ પાછળ,
મોડાસા ફોન : ૦૨૭૭૪ - ૨૭૪૧૧૩

# कुर्यात सदा मंगलम्

## કન્યા જોઈએ છે

| | | |
|---|---|---|
| નામ | : રોહિત જોષી | જનકકુમાર શંકરલાલ જોષી |
| જન્મ તારીખ | : ૧-૧૧-૧૯૮૬ | ૬-૧-૧૯૭૬ |
| અભ્યાસ | : બી.એ. | - |
| વ્યવસાય | : રાજસ્થાન પત્રિકામાં નોકરી | નોકરી |
| માસિક આવક | : રૂા. ૫,૦૦૦/- | - |
| ઊંચાઈ | : ૬'.૦૦" | - |
| ગોત્ર | : ઉપમન્યુ | પારાશર |
| વતન | : ચિત્તોડ (રાજસ્થાન) | રાયગઢ |
| રહેઠાણ | : ભાડસોડા | નવસારી |
| સંપર્ક | : અમદાવાદ (૯૪૨૭૪ ૧૮૬૮૨) ૯૮૨૮૭ ૩૭૫૪૭ | સનતકુમાર ભટ્ટ (૦૨૭૭૨) ૨૨૩૪૩૨ |

### ધી રજિસ્ટ્રેશન ઓફ ન્યુઝ પેપર્સ સેન્ટ્રલ રૂલ્સ-૧૯૫૬ અન્વયે 'ભટ્ટ મેવાડા વર્તમાન' માસિક અંગે માહિતી (જુઓ રૂલ નં. ૮)


૧. પ્રકાશનનું સ્થળ : સુકૃતિ, પ્લોટ નં. ૬૮/૧, સેક્ટર-૩ એ (ન્યુ), ગાંધીનગર (ગુજરાત)

૨. પ્રકાશનની સામયિકતા : માસિક

૩. મુદ્રકનું નામ : અશોકકુમાર કૃષ્ણલાલ મહેતા
રાષ્ટ્રીયતા : ભારતીય
સરનામું : સુકૃતિ, પ્લોટ નં. ૬૮/૧, સેક્ટર-૩ એ (ન્યુ), ગાંધીનગર (ગુજરાત)

૪. પ્રકાશકનું નામ : અશોકકુમાર કૃષ્ણલાલ મહેતા
રાષ્ટ્રીયતા : ભારતીય
સરનામું : સુકૃતિ, પ્લોટ નં. ૬૮/૧, સેક્ટર-૩ એ (ન્યુ), ગાંધીનગર (ગુજરાત)

૫. તંત્રીનું નામ : અશોકકુમાર કૃષ્ણલાલ મહેતા
રાષ્ટ્રીયતા : ભારતીય
સરનામું : સુકૃતિ, પ્લોટ નં. ૬૮/૧, સેક્ટર-૩ એ (ન્યુ), ગાંધીનગર (ગુજરાત)

૬. માલિકનું નામ : અશોકકુમાર કૃષ્ણલાલ મહેતા
રાષ્ટ્રીયતા : ભારતીય
સરનામું : સુકૃતિ, પ્લોટ નં. ૬૮/૧, સેક્ટર-૩ એ (ન્યુ), ગાંધીનગર (ગુજરાત)

હું અશોકકુમાર કૃષ્ણલાલ મહેતા, તંત્રી, આથી જાહેર કરું છું કે, ઉપર જણાવેલ તમામ હકીકતો મારી જાણ અને માન્યતા મુજબ સાચી છે.

સ્થળ : ગાંધીનગર — અશોકકુમાર કૃષ્ણલાલ મહેતા
તા. : ૧૫-૦૪-૨૦૧૦ — તંત્રી


## દુઃખદ અવસાન

મૂળ હિંમતનગરના વતની અને હાલ ડાકોર ખાતે રહેતા જીવન વીમા નિગમના પૂર્વ વિકાસ અધિકારીશ્રી ગોવિંદભાઈ સી. ભટ્ટના ધર્મપત્ની અ.સૌ. સુશીલાબેનનું ગત તા. ૬/૨/૨૦૧૦ના રોજ દુઃખદ અવસાન થયું છે તેમજ અમદાવાદના શ્રી ચૈતન્ય પાઠકના ધર્મપત્ની અ.સૌ. આનંદીબેનનું તા. ૬-૪-૨૦૧૦ના રોજ દુઃખદ અવસાન થયું છે.

શ્રી ગોવિંદલાલ ભટ્ટ તથા શ્રી ચૈતન્યપ્રસાદ પાઠકના પરિવારજનો ઉપર આવી પડેલ આ વિપત્તિનો સહન કરવાની શક્તિ શ્રી એકલિંગજી મહાદેવ આપે અને બંને મૃતાત્માઓને ચિરઃ શાંતિ આપે એ જ પ્રાર્થના !


Bharat Joshi — Mob. 94270 13886
Bhumesh Joshi — Mob. 94288 51963
Ph. : 2764-234114




**BALRAM**
**SALES CORPORATION**

Authorised Dealers :

**LPS & UNBRAKO MAKE HIGH TENSILE INDUSTRIAL FASTNERS, M.S., S.S. AND ALL TYPE OF NUTS & BOLTS**

7, Sagar Com. Complex,
Below Bank of Baroda,
CHHATRAL.
Gujarat. Pin : 382729
E-mail : balramsales@gmail.com

# कुर्यात सदा मंगलम्

## વર જોઈએ છે

| | | | |
|---|---|---|---|
| નામ : | પુનિતા મહેન્દ્રભાઈ ગોર | નેહા દિનેશચંદ્ર ભટ્ટ | મેઘના પ્રકાશકુમાર પંડ્યા |
| જન્મ તારીખ : | ૬-૧૨-૧૯૮૫ | ૧૯-૯-૧૯૮૫ | ૬-૯-૧૯૮૩ |
| અભ્યાસ : | બી.એસ.સી., બી.એડ. | બી.ઈ. (ઈલે.), એમ.બી.એ. (અભ્યાસ ચાલુ) | બી.કોમ., પીજીડીએમસીએ |
| વ્યવસાય : | શિક્ષિકા | ખાનગી કંપનીમાં મેનેજમેન્ટ રીપ્રે. | - |
| માસિક આવક : | રૂા. ૩,૫૦૦/- | - | - |
| ઊંચાઈ : | ૫'.૨" | ૫'.૬" | ૫'.૪" |
| ગોત્ર : | વચ્છસ | વચ્છસ | શાંડિલ્ય |
| વતન : | દાવડ | રાગયઢ | નડિયાદ |
| રહેઠાણ : | અમદાવાદ | ભોપાલ (મધ્યપ્રદેશ) | નડિયાદ |
| સંપર્ક : | મહેન્દ્રભાઈ ગોર | દિનેશચંદ્ર ભટ્ટ | પ્રકાશકુમાર પંડ્યા |
| | ૦૭૯- ૨૨૮૦૦૩૯૯ | ૦૭૫૫ - ૪૦૫૭૧૯૯ | ૦૨૬૮ - ૨૫૬૯૨૩૯ |
| | ૯૭૨૩૩ ૪૨૪૫૭ | ૦૯૯૨૬૩૩૩૦૬૩ | ૯૯૨૪૩ ૧૭૭૫૦ |

**તંત્રી સ્થાનેથી...** (પાન ૨નું અનું.)

મળીને કાર્ય ઉપાડી લેવું જોઈએ !

શ્રી યોગેશભાઈના SMS ન મળતાં હોય તો તેમને ૯૭૨૬૧ ૭૦૫૬૨ ઉપર એક SMS મોકલી શકો છો.

આપણા જ જ્ઞાતિબંધુ શ્રી હિતેશભાઈ પંડ્યા વડોદરામાં રહે છે. વ્યવસાયે વકીલ છે, પરંતુ SMSનું સુંદર કલેક્શન છે તેમની પાસે. તેમણે મોકલેલા SMS પૈકી એક અત્રે રજૂ કરીએ છીએ. Accept what you can not change, change what you can not accept. This is the Simple key to be happy in life.

શ્રી હિતેશભાઈ ભટ્ટ મેવાડા વર્તમાનમાં SMSનું એક કોલમ શરૂ કરવા ઈચ્છે છે. તેઓ આપણને SMS મોકલશે.

જગ્યાની ઉપલબ્ધિ અનુસાર આપણે પ્રસિદ્ધ કરવા પ્રયત્ન કરીશું.

**દેહદાન...** (પાન ૪નું અનું.)

હોસ્પિટલ મારફતે પ્રક્રિયા આગળ ચાલી. વિવિધ ટેસ્ટ કરાવ્યા બાદ ઓપરેશન નક્કી થયું. બે વખત ઓપરેશન બંધ રહ્યું. છેવટે તા. ૪-૧૨-૧૯૮૪ના રોજ શ્રી ભાલચંદ્રભાઈ નું ઓપરેશન કરવામાં આવ્યું અને તેમની કીડની દાનની ઈચ્છા પૂર્ણ થઈ. તા. ૨૦-૧૨-૮૪ના રોજ તો તેઓ અમદાવાદ પરત ફર્યા અને પોતાના કામે લાગી ગયાં.

આટલેથી અટકે તો એ ભાલચંદ્ર શાના ! પછી તેમને ચાનક ઉપડી દેહદાન કરવાની. તેમના આ સત્કાર્યમાં તેમના કુટુંબીજનોનો પણ સાથ સાંપડતો રહ્યો અને દેહદાન કરવાનો સંકલ્પપત્ર ભરવાનું સૌભાગ્ય પણ પ્રાપ્ત થયું. તા. ૧૧-૧૧-૨૦૦૫ના રોજ તેમણે શ્રીમતી એન.એચ.એલ. મ્યુનિસિપલ મેડીકલ કોલેજ, અમદાવાદના એનેટોમી ડિપાર્ટમેન્ટમાં દેહદાન કરવા માટેનું ફોર્મ ભર્યું. જેની નોંધણી ત્યાં નોંધણીક્રમાંક ૨૧૧થી કરવામાં આવી છે.

શ્રી ભાલચંદ્રભાઈનો કીડનીદાન અને દેહદાનનો આ અનોખો કિસ્સો ભાવિ પેઢી માટે પ્રેરણાદાયી બની રહેશે એમાં શંકાને સ્થાન નથી.

હેટ્સ ઓફ ટુ શ્રી ભાલચંદ્રભાઈ !

LIC
भारतीय जीवन बीमा निगम
LIFE INSURANCE CORPORATION OF INDIA

**Paresh C. Joshi**

**INVESTMENT CONSULTANT**

General Insurance
Life Insurance Corporation of India

Plot No. 522/1, Sector-6 B,
Gandhinagar-382 006.

Mobile : 96381 48699
Phone : 079 - 23236704

# कुर्यात सदा मंगलम्

## કન્યા જોઈએ છે

| | | | |
|---|---|---|---|
| નામ : | મિતેષ મહેશકુમાર ઉપાધ્યાય | તરૂણ મહેશકુમાર ઉપાધ્યાય | પ્રકાશકુમાર દુર્ગાશંકર જોષી |
| જન્મ તારીખ : | ૧૧-૩-૧૯૭૭ | ૧૫-૧૨-૧૯૭૯ | ૩૮ વર્ષ |
| અભ્યાસ : | બી.કોમ. (અંગ્રેજી માધ્યમ) | બી. કોમ. (અંગ્રેજી માધ્યમ) | એમ.એ. લાયબ્રેરી સાયન્સ |
| વ્યવસાય : | ખાનગી કંપનીમાં સી.માર્કે. એક્., મુંબઈ | ખાનગી કંપનીમાં એકાઉન્ટન્ટ, મુંબઈ | પાલ્લા હાઈસ્કૂલમાં ગ્રંથપાલ |
| માસિક આવક : | રૂા. ૨૦,૦૦૦/- | રૂા. ૧૫,૦૦૦/- | - |
| ઊંચાઈ : | ૫'.૧૦" | ૫'.૮" | - |
| ગોત્ર : | - | - | પારાશર |
| વતન : | રાયગઢ | રાયગઢ | પાલ્લા |
| રહેઠાણ : | મુંબઈ | મુંબઈ | પાલ્લા, તા. ભિલોડા, જિ. સા.કાંઠા |
| સંપર્ક : | એન. એન. ભટ્ટ | એન. એન. ભટ્ટ | દુર્ગાશંકર જોષી |
| | ૨૩૨૨૭૭૯૮ | ૨૩૨૨૭૭૯૮ | મો. ૯૪૨૭૪ ૦૨૭૩૯ |
| | ૯૮૯૮૦ ૨૭૭૯૮ | ૯૮૯૮૦ ૨૭૭૯૮ | નોંધ : બંને પગે વિકલાંગ છે. |

| | | | |
|---|---|---|---|
| નામ : | હેતલ રજનીકાંત ઉપાધ્યાય | પ્રજ્ઞેશ રજનીકાંત ઉપાધ્યાય | દિલીપકુમાર જટાશંકર જોષી |
| જન્મ તારીખ : | ૨-૯-૧૯૮૦ | ૧૧-૮-૧૯૮૩ | ૭-૪-૧૯૭૮ |
| અભ્યાસ : | એમ.એ., બી.એડ. | ડિપ્લોમા ઈન, ઈલે. એન્જી. | એમ.એ. |
| | | ડીગ્રીના છઠ્ઠા સેમી. અભ્યાસ ચાલુ | |
| વ્યવસાય : | સ્વતંત્ર - કન્ટ્રીન્યુઝ મેગેઝીન | ટોરેન્ટ પાવર, ગાંધીનગરમાં એન્જીનીયર | - |
| માસિક આવક : | - | - | - |
| ઊંચાઈ : | ૫'.૬" | ૫'.૮" | ૫'.૮" |
| ગોત્ર : | શાંડિલ્ય | શાંડિલ્ય | પારાશર |
| વતન : | - | - | પાલ્લા |
| રહેઠાણ : | ગાંધીનગર | ગાંધીનગર | પાલ્લા, તા. ભિલોડા, જિ. સા.કાંઠા |
| સંપર્ક : | રજનીકાંત ઉપાધ્યાય | રજનીકાંત ઉપાધ્યાય | સનતકુમાર ભટ્ટ |
| | મો. ૯૪૨૮૩ ૫૧૬૩૧ | મો. ૯૪૨૮૩ ૫૧૬૩૧ | ૯૪૨૮૪ ૨૨૪૬૮ |

| | | | |
|---|---|---|---|
| નામ : | દીપકકુમાર પુરોહિત | પુરણ જોષી | રાકેશ જોષી |
| જન્મ તારીખ : | ૨૨-૧૧-૧૯૭૭ | ૨૯-૮-૧૯૮૪ | ૨૭-૧-૮૧ |
| અભ્યાસ : | બી.એ., એલએલબી | બી.કોમ. | બી.એ. |
| વ્યવસાય : | એલડીસી, પીએચઈડી | સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયામાં | ખાનગી નોકરી |
| | ઉદયપુર (રાજસ્થાન) | સુપરવાઈઝર (વડોદરા) | |
| માસિક આવક : | રૂા. ૧૨,૦૦૦/- | રૂા. ૧૦,૦૦૦/- | રૂા. ૬,૦૦૦/- |
| ઊંચાઈ : | ૫'.૧" | ૫'.૨" | ૫'.૮" |
| ગોત્ર : | ભારદ્વાજ | ઉપમન્યુ | ઉપમન્યુ |
| વતન : | ઉદયપુર, રાજસ્થાન | ઉદયપુર, રાજસ્થાન | ચિત્તોડગઢ |
| રહેઠાણ : | માવળી, ઉદયપુર | અમદાવાદ | ભાડસૌડા, ચિત્તોડગઢ |
| સંપર્ક : | ૦૨૯૫૫-૨૬૩૦૦૭ | નટવરલાલ જોષી | અમદાવાદ ૯૯૨૮૭ ૩૭૫૪૮ |
| | ૯૪૬૦૯૦ ૦૯૪૪૮ | ૯૪૨૭૪ ૧૮૬૮૨ | અમદાવાદ ૯૪૨૭૪ ૧૮૬૮૨ |

# ચતુર્થ યજ્ઞોપવિત સંપન્ન

શ્રી ભટ્ટ મેવાડા બ્રહ્મ સમાજ, ગાંધીનગર દ્વારા સંવત ૨૦૬૬ના ચૈત્ર સુદ-૧૦ને ગુરૂવાર તા. ૨૫-૩-૨૦૧૦ના રોજ સરકારી લગ્નવાડી, સે. ૭, ગાંધીનગર ખાતે ચતુર્થ યજ્ઞોપવિત મહોત્સવ યોજાઈ ગયો. કુલ પાંચ બટુકો પૈકી કૃષ્ણાંગ ધર્મેન્દ્રભાઈ જોષી અને તીર્થ આશિષભાઈ પુરોહિત ગાંધીનગરના હતા જ્યારે પુનર્વ વિજયકુમાર જોષી હતા. ભૌતિકકુમાર દવે અને પાર્થ આશિષભાઈ પંડ્યા અમદાવાદના હતા. દરેક બટુકને પિતાંબર શાંતાબેન જગન્નાથ પુરોહિત તરફથી, પંચપાત્ર શ્રી પ્રકાશભાઈ મંગળદાસ ભટ્ટ તરફથી, ગૌમુખી અને આસન સ્વ. બાલુભાઈ ભીખાભાઈ પંડ્યા તરફથી ભિક્ષાની થાળી દરેક બટુકના મામાઓ તરફથી પાથેય શ્રી ભટ્ટ મેવાડા બ્રહ્મ સમાજ તરફથી વહેંચવામાં આવ્યા હતા. યજ્ઞોપવિત વિધિ શ્રી જીતુભાઈ શુક્લ દ્વારા કરવામાં આવી હતી. ગાંધીનગર ભટ્ટ મેવાડા બ્રહ્મસમાજના તમામ પરિવારોએ ઉલ્લાસપૂર્વક યજ્ઞોપવિત કાર્યક્રમમાં હાજરી આપી કાર્યક્રમને દિપાવ્યો હતો.

## ગિરાબેન ભટ્ટને સાહિત્ય અકાદમી દ્વારા સહાય

ભટ્ટ મેવાડા સમાજ ગાંધીનગરના સુખ્યાત લેખિકા અને કવિયત્રી શ્રીમતી ગિરાબેન પિનાકીનભાઈ ભટ્ટને "મન કશુંક તો માગે" પુસ્તકના પ્રકાશન અર્થે મુદ્રણ ખર્ચ રૂપે ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા મુદ્રણ ખર્ચના ૭૫ ટકા અથવા રૂા. ૧૦,૦૦૦/- બેમાંથી ઓછી હોય તે રકમ સહાય રૂપે નિયમોને આધિન રહીને મંજૂર કરવામાં આવી છે.

ખૂબ ખૂબ અભિનંદન ગિરાબેન !

## 'મનનાં મોતી'નું વિમોચન

મૂળ કાણીયોલના વતની, આર્ટસ્-કોમર્સ કોલેજ, હિંમતનગરમાં સંસ્કૃતના અધ્યાપક તરીકે સેવાઓ આપતા પ્રો. ડૉ. રાકેશ એન. જોષી તથા સોનલ જોષી સંપાદિત 'મનનાં મોતી' નામનાં સંગ્રહનું વિમોચન સાબર સાહિત્ય સભાના નેજા હેઠળ જાણીતા સાહિત્યકાર શ્રી રતીલાલ બોરીસાગરના હસ્તે કરવામાં આવ્યું હતું.

'ભટ્ટ મેવાડા વર્તમાન' પરિવારના હાર્દિક અભિનંદન !





**સ્વ. સુશીલાબેન ભટ્ટ**

**તા. ૬/૨/૨૦૧૦**

મારા ધર્મપત્નિ અ.સૌ. સુશીલાબેન ગોવિંદભાઈ ભટ્ટ (વીમાવાળા)ના આકસ્મિક દુ:ખદ અવસાનના માઠા પ્રસંગે સગાં, સબંધી, સ્નેહી, સ્વજનો, મિત્રો, સહકાર્યકરો અને જ્ઞાતિબંધુઓએ રૂબરૂ મળીને તેમજ ફોન દ્વારા અને પત્રો દ્વારા આશ્વાસન સાથે દિલસોજી પાઠવી છે.
આપ સૌ અમારા દુ:ખમાં સહભાગી થયા છો તે બદલ અંત:કરણપૂર્વક સપરિવાર આપ સૌનો આભાર.

**ગોવિંદલાલ સી. ભટ્ટ**
Ex. ડેવલપમેન્ટ ઓફિસર, L.I.C.

**હિતેષકુમાર જી. ભટ્ટ**
સરદાર પટેલ હાઈસ્કૂલ

**નિમેશકુમાર જી. ભટ્ટ**
L.I.C. એડવાઈઝર

**દિવ્યેશકુમાર જી. ભટ્ટ**
L.I.C., G.I.C. એડવાઈઝર

**દત્તાત્રેયકુમાર કે. ભટ્ટ (જમાઈ)**
મંગલદીપ હાઈસ્કૂલ, અમદાવાદ

**સ્વ. છોટાલાલ વેણીરામ ભટ્ટ પરિવાર**

**૧૪, વૃંદાવન સોસાયટી, ડાકોર, તા. ઠાસરા, જિ. ખેડા. ફોન : (૦૨૬૯૯) ૨૪૫૬૧૪**
**મો. ૯૮૨૫૫ ૨૬૨૩૭, ૯૪૨૮૪ ૮૬૬૨૦, ૯૪૨૬૨ ૮૬૬૯૧, ૯૮૯૮૬ ૯૦૦૨૪**

ભટ્ટ મેવાડા વર્તમાનના તા. ૧૫-૦૩-૨૦૧૦ના અંકમા પેઈજ પાંચ ઉપર ભટ્ટ મેવાડા સમાજ, ગાંધીનગરની વેબસાઈટ તેમજ સમાજોપયોગી માહિતી અંગે એક નિવેદન છાપવામાં આવ્યું છે, તેના અનુસંધાને વધુમાં જણાવવાનું કે આ યોજના પાછળનો હેતુ જ્ઞાતિબંધુઓને - ખાસ કરીને યુવાવર્ગને ઉપલબ્ધ રોજગારીની તકો વિષેની માહિતી મોકલી શકાય તે છે. સમાજના સભ્યોની ડિરેક્ટરી બનાવવાના હેતુસર એક ફોર્મ છાપવામાં આવ્યું છે જે પુરેપુરૂં ભરીને અમને મોકલવા વિનંતી છે, જેથી એકઠી થયેલ માહિતીને આધારે ડિરેક્ટરી બનાવી શકાય. દરેક સમાજ પાસે પોતાના સભ્યો વિષે અદ્યતન માહિતી ઉપલબ્ધ હોવી જરૂરી છે. આપણા સમાજમાં વિવિધ ગામોના વિવિધ એકમોની ડિરેક્ટરી હશે, પરંતુ સમગ્ર સમાજની ડિરેક્ટરી ઉપલબ્ધ નથી. આવી ડિરેક્ટરી હોવી અત્યંત આવશ્યક છે. આથી સમાજના સૌ સભ્યોને વિનંતી કે આ સાથે છાપેલું ફોર્મ અવશ્ય ભરી મોકલે. સમૂહમાં મોકલવાની ઈચ્છા હોય તો ગામના તમામ સભ્યોના ફોર્મ એક સાથે મોકલી શકો છો. આ ફોર્મ ભટ્ટ મેવાડા વર્તમાનના કાર્યાલયને અચૂક મોકલી આપશો અને ડિરેક્ટરી બનાવવાના કાર્યમાં આપનો અમૂલ્ય સહકાર આપશો.

## ડિરેક્ટરી માટે કુટુંબની માહિતી

| અટક | નામ | પિતા/પતિનું નામ | સંબંધ | જન્મતારીખ | વૈવાહિક દરજ્જો પરણિત/કુંવારા/ વિધુર/છુટાછેડા/અન્ય | શૈક્ષણિક લાયકાત | ખાસ સિદ્ધિઓ |
|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | |
| | | | | | | | |
| | | | | | | | |
| | | | | | | | |
| | | | | | | | |

| વ્યવસાય | હોદ્દો/ધંધાનો પ્રકાર | રહેણાંકનું સરનામું | વ્યવસાયનું સરનામું | ટેલીફોન | | | મોબાઈલ | ઈમેલ | વેબ સરનામું |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | એસટીડી કોડ | રહેઠાણ | વ્યવસાય | | | |
| | | | | | | | | | |
| | | | | | | | | | |
| | | | | | | | | | |
| | | | | | | | | | |
| | | | | | | | | | |

| વતન | ગોત્ર | વાર્ષિક આવક (મરજીયાત) | એસએમએસ એલર્ટમાં રસ છે ? હા/ના | સુચન/મંતવ્ય/માર્ગદર્શન |
|---|---|---|---|---|
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |

નોંધ : વધુ માહિતી હોય તો વધારાનું પાનું જોડવું.

કુટુંબના વડાની સહી :



Owner, Printer, Publisher & Editor : Ashokkumar Krishnalal Mehta, Printed : Capital Offset, Plot No. L-801/1, G.I.D.C., Sector-28, Gandhinagar. Published : "Sukruti", Plot No. 68/1, Sector-3/A (New), Gandhiangar. (GUJARAT)